### લગ્નની ખુશી ફેરવાઈ મોતના માતમમાં

# લગ્નના બે દિવસ બાદ યુવકનું કમકમાટીભર્યું મોત

## ધાનેરાના ખીમત ગામ નજીક ડમ્પર અને ડીઆઇ ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૩ના મોત

જે ઘર માં બે દિવસ અગાઉ લગ્નની ખુશી માણવા આવી હતી તે જ ઘર માં આજે મોતનો માતમ જોવા મળી રહ્યો છે વાત છે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા તાલુકા ની કે જ્યાં લુહાર પરિવાર દ્વારા તેમના દીકરા ના ખુબજ ઉત્સાહ સાથે લગ્ન કર્યા હતા અને તેજ દીકરા નું આજે અકસ્માત માં મોત નિપજતા લુહાર પરિવાર સહિત સમગ્ર બાપલા ગામમાં મોતનો માતમ જોવા મળી રહ્યો છે.




ધાનેરા તાલુકા ના ખીંમત ગામ પાસે ડીઆઈ ગાડી અને ડમ્પર ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત આજુ બાજુ થી લોકો દોડી આવ્યા હતા અને ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના પાયલોટ હરેશ દવે અને ઈએમટી ગૌરિચંદ્ર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા પરંતુ ઘટના સ્થળ ઉપર ૩ લોકો ના મોત નિપજતા ૧૦૮ ના કર્મચારીઓ પણ ચોકી ઉઠ્યા હતા અને બે લોકો ની હાલત ગંભીર જણાતા બે લોકો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડેવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબ ધ્વરા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા છે. ડીઆઈ ગાડીમાં માં બેઠેલા ત્રણ લોકો ના ઘટના સ્થળે મોત નિપજતા સમગ્ર ધાનેરા વિસ્તાર માં ભારે અરેરાટી મચી જવા મચી પામી છે.



ધાનેરા તાલુકા ના બાપલા ગામે રહેતા ઉમાભાઈ લુહાર ખુબજ ઉત્સાહ સાથે પોતાના દીકરા જયંતિ ના લગ્ન લીધા હતા અને પરિવાર જનો પણ ખુબજ લગ્નમાં જુમ્યા હતા પરંતુ પરિવાર જનો ને એ ખબર ન હતી કે આ ખુશી માત્ર ગણતરી ના દિવસો નિજ છે, દીકરા ના લગ્ન પણ પતિ ગયા અને દીકરો પોતાની વહુ ને પિયર મુકવા પણ ગયો પરંતુ વહુ ને પિયર મૂકી પરત ફરી રહેલા દીકરા ને રસ્તાકાળ ભરખી જતા આજે પરિવાર જનોમાં લગ્નની ખુશી ના બદલે દીકરા ના મોતનો માતમ જોવા મળી રહ્યો છે અકસ્માત ની જાણ પાંથાવાડા પોલીસ ને થતા પાંથાવાડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થેળે આવી ડીઆઈ ગાડી માં ફસાયેલી લાશો બહાર કાઢી લાશ ને પીએમ અર્થે પાંથાવાડા ખસેડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે અકસ્માત સર્જનાર ડમ્પર નો ચાલાક ત્યાંથી ફરાર થઈ જતા પોલીસે ડમ્પર ચાલાક ને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે તો બીજી તરફ અકસ્માત નું મુખ્ય કારણ નીલગાય છે તેવું પણ જાણવા મળી રહ્યું છે કારણકે લોકો જણાવી રહ્યા છે કે અચાનક રસ્તા વચ્ચે નીલગાય આવી જતા આ અકસ્માત સર્જાયો છે અને અકસ્માત માં નીલગાય નું પણ મોત નિપજયું છે.

# સાબરકાંઠામાં જોર પકડતી ઠંડી : જનજીવન પર અસર

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી ઠંડીએ જોર પકડ્યું છે. ત્યારે તેની વ્યાપક અસરો જનજીવન પર વર્તાઈ રહી છે. સોમવારે વહેલી સવારે ઠંડીનો ચમકારો વધુ હોવાને કારણે અસલી શિયાળાનો અનુભવ થવા પામ્યો હતો. બીજી તરફ ઠંડીનું પ્રમાણ વધવાને કારણે ઘઉં, દીવેલા, વરીયાળી અને રાયડાના પાકને ફાયદો થઈ રહ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ડિસેમ્બર માસમાં ઠંડીની શરૂઆત થઈ હતી. પરંતુ ગ્લોબલ વોર્મિંગની અસરોને કારણે વાતાવરણમાં આવેલા પલ્ટાથી એકદમ ઠંડી ઘટી જવા પામી હતી. પરંતુ જાન્યુઆરી માસની શરૂઆત થતાની સાથે જ શિયાળાએ જાણે કે પોતાનુ અસલી સ્વરૂપ બતાવી દીધુ છે. દિવસ દરમ્યાન ફૂંકાઈ રહેલા ધીમા પવનને કારણે આખો દિવસ ઠંડીનો અનુભવ થાય છે.

સોમવારે વહેલી પરોઢે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. કેટલાક લોકોના શરીર પણ ગરમ વસ્ત્રો ધારણ કર્યા હોવા છતાં ધ્રુજતા હતા અને શરીર પણ જાણે કે થીજી ગયુ હોય તેવો અનુભવ થયો હતો. તાપમાનની વાત કરીએ તો મંગળવારે હિંમતનગરમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રી જ્યારે ગુરૂત્તમ તાપમાન ૨૩ ડીગ્રી રહેવા પામ્યુ હતુ. જેના કારણે દિવસ દરમ્યાન પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.


જિલ્લામાં પડી રહેલી ઠંડીને કારણે ખેડૂતો ખુશ છે. તે પાછળનું કારણ એ છે કે જેમ વધુ ઠંડી પડે તેમ ખાસ કરીને ઘઉં, દિવેલા, વરીયાળી અને રાયડાના પાકને વધુ ફાયદો થઈ શકે છે. જિલ્લામાં આ વખતે શિયાળામાં અંદાજે ૨૦ હજારથી વધુ હેક્ટરમાં ઘઉંનું વાવેતર થઈ ચુક્યુ છે. પરંતુ કેટલેક ઠેકાણે ઘઉં માટે જરૂરી ગણાતા યુરીયા ખાતરની ખેંચ ઉભી થઈ હોવાને કારણે ખેડૂતો બિચારા આમથી તેમ ભટકી રહ્યાં છે. જેમ જેમ ઠંડીનું પ્રમાણ વધશે તેમ તેમ આંબા પર મોર આવશે.

# ધાનેરા તાલુકા પંચાયતને અધિકારીઓએ બનાવી ભ્રષ્ટ્રાચારની ખાણ

## તંત્ર તપાસ કરે તો બધા અધિકારી ઘર ભેગા થાય : મળતિયાઓને આજે પણ તાલુકા પંચાયત ક્વાટર્સમાં બંધ બારણે ચેક વિતરણ ચાલુ

ધાનેરા વિસ્તાર માં પૂર પીડિત આજે પણ સહાય થી વંચિત જોવા મળી રહ્યા છે ત્યારે અધિકારીઓ પોતાની કટકી માટે ખેડૂતો ને હેરાન કરી રહ્યા છે શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલ ધાનેરા સહીત અનેક વિસ્તાર માં કુદરતે કહેર વરસાવ્યો હતો અને લોકો કુદરત ના કહેર સામે લાચાર બની ગયા હતા ત્યારે ગુજરાત ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તાત્કાલિક લોકો ની મદદે આવી પહોંચ્યા હતા અને પૂર પીડિત લાચાર લોકોને કરોડો રૂપિયા ની સહાય મંજુર કરી હતી ત્યારે લોકોએ પણ મુખ્યમંત્રી નો આભાર માન્યો હતો પણ ક્યાંક સરકાર ના કટકી બાજ અધિકારીઓ હવે રૂપાણી સાહેબ ની આબરૂ ના ધજાગરા ઉડાવતા હોય તેવું લાગી રહ્યું છે.

ધાનેરા વિસ્તાર ના પૂર પીડિત ખેડૂતો આજે પણ સહાય માટે ધાનેરા તાલુકા પંચાયત ના ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ તેમને કોઈ જવાબ ન મળતા નિરાશ થઈ પરત જવું પડે છે ત્યારે આજે ધાનેરા તાલુકા પંચાયત ની સામે આવેલા ક્વોટર માં બી આર સોલંકી નામનો અધિકારી બંધ બારણે લોકોને ચેક આપતો હોવાથી ધાનેરા માં હાહાકાર મચી જવા પામ્યો હતો અને કેટલાક ખડૂતો ધ્વરા અમારી ટિમ ને





જાણ કરતા અમારી ટિમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને ત્યાં જઈ જોયું તો ક્વોટર ના આગળ બારણાં ઉપર મોટું તાળું જોવા મળ્યું હતું અને રૂમના પાછળ ના દરવાજા થી લોકો અવર જવર કરી રહ્યા હતા ત્યારે અમારી ટીમે પણ અંદર જઈ જોયું તો એક રૂમમાં ખેડૂતો ના ડોક્યુમેન્ટ પડ્યા હતા તો બીજી રૂમમાં બી આર સોલંકી નામનો અધિકારી ચેક બનાવી રહ્યો હતોઆ બાબતે તેની સાથે વાત કરવાની કોશિશ કરતા તે કેમેરા સામે ગલ્લા તલ્લાં કરવા લાગ્યો હતો તમે પણ સાંભળો આ અધિકારી શું કહે છે.

આ અધિકારીએ પોતાનો બચાવ કરી જણાવ્યું હતું કે તાલુકા પંચાયત માંથી સુરેશભાઈ મોઢ નામનો વ્યક્તિ અમને યાદી મોકલે છે અને અમે તે લોકો ને ચેક આપી રહ્યા છીએ ત્યારે અમારી ટિમ દ્વારા સુરેશ ભાઈ મોઢ નો સંપર્ક કરતા તેને પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે મને આ બાબતે કોઈ ખબર નથી અને મારી કોઈ જવાબદારી પણ નથી.

સમગ્ર ઘટના થી ધાનેરા તાલુકા પંચાયત ના કમ્પાઉન્ડ હાહાકાર મચી ગયો અને તે બાદ અમારી ટિમ દ્વારા તાલુકા વિકાશ અધિકારી પાસે જવાનો પ્રયાશ કર્યો હતો પરંતુ તાલુકા વિકાશ અધિકારી ની ઓફિસ માં ખંભાતી તાળા જોવા મળ્યા હતા સમગ્ર બાબત ની જાણ તાલુકા વિકાશ અધિકારી ને થતા તે પણ થોડી વાર બાદ દોડી આવ્યા હતા ત્યારે અમારી ટિમ દ્વારા તેમને આ બાબતે પૂછપરછ કરતા તેને પણ તેનો બચાવ કરતા જણાવ્યું હતું કે મને કોઈ વાત નો ખબર નથી અને હું આ બાબતે તાપસ કરાવીશ ધાનેરા તાલુકા પંચાયત ના ક્વોટર માં ચેક બનાવી રહેલો અધિકારી જાણે ચારે બાજુ થી ફસાઈ ગયો હોય તેમ લાગી રહ્યું હતું કેમ કે તાલુકા પંચાયત ના તમામ લોકોએ પોતાના હાથ અધ્ધર કરી લીધા હતા તે બાદ આ ચેક વિતરણ કરનાર અધિકારી પણ ત્યાંથી ચાલતી પકડી હતી અને ધાનેરા છોડી બહાર જતો રહ્યો હતો.

# અરવલ્લી જિલ્લાની ૬૮ ગ્રામ પંચાયતની ચૂંટણી ચોથી ફેબ્રુઆરીએ

અરવલ્લી જિલ્લામાં ૬૮ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થતા નવીન સરપંચોની ચૂંટણી માટેનું જાહેરનામું રાજ્ય ચૂંટણી પંચે બહાર પાડતાની સાથેજ ગામડાઓમાં સરપંચ અને સભ્યપદ માટે ઉમેદવારી કરવા માટે કડકડતી ઠંડીમાં પણ ખાટલા બેઠકો શરૂ કરી દીધી છે. બીજીબાજુ ચૂંટણીતંત્ર પણ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગાત્રો થીજવતી ઠંડીમાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લઈને ભારે ગરમાવો આવી ગયો છે. ૪ ફેબ્રુઆરીએ ગ્રામપંચાયતોમાં મતદાન થશે અને ૬ ફેબ્રુઆરીએ ગામના મુખી કોણ બનશે તેનું પરિણામ પણ આવી જશે.

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓની ૬૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૪ ફેબ્રુઆરીએ યોજાશે ત્યારે ગામ ના મુખી થવા અને વોર્ડ મહોલ્લાનું પ્રતિનિધિત્વ કરવા ઉમેદવારોની હોડ જામી છે અને ઉત્તરાયણ બાદ કમુર્તા ઉતરાતાની સાથે ઉમેદવારી પત્ર ભરવા ભારે દોડધામ કરશે. ગ્રામ પંચાયતનું જાહેરનામું બહાર પડતાની સાથે જ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારો સાથે મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતની ચૂંટણી લડવા માટે ઈચ્છુક ઉમેદવારોએ પોતાના સમર્થકો સાથે હાડ થીજવતી ઠંડીમાં ખાટલા બેઠકો શરૂ કરી દીધી છે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પણ સરપંચ પદ મેળવવા માટે સરપંચ પદના દાવેદારો એડીચોટીનું જોર લગાવી દેશે.




ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને કોટેઝ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે કુશાલપુરા ગામમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કુશાલપુરા પંથકના આજુ-બાજુના ૨૦ થી વધુ ગામડાઓના ૭૦૦ થી વધુ જરૂરીયાતવાળા દર્દીઓએ વિવિધ રોગોનું તજજ્ઞ ડૉક્ટરો પાસે નિદાન કરાવી સારવાર મેળવી હતી.કુશાલપુરા ગામમાં નુતન હાઈસ્કુલ પટ્ટાંગણમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કુશાલપુરા પંથકના દર્દીઓએ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં નિઃશુલ્ક લાભ મેળવતાં આનંદની લાગણી પ્રસરી હતી.

# હિંમતનગર બાયપાસ રોડ પર કાર અને બાઈક ટકરાતા બે ના મોત

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના મોતીપુરાથી આરટીઓ સર્કલ જતા બાયપાસ રોડ પર આવેલ બહેરા મૂંગા વિદ્યાલય પાસે સોમવારે રાત્રે સીમેન્ટના પાઈપ ભરેલ વાહનના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા બાઈક પર જઈ રહેલ બે જણાના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે મળતી માહિતી મજુબ સોમવારે રાત્રે આરટીઓ સર્કલ તરફથી સીમેન્ટની પાઈપ ભરીને આવી રહેલ વાહન નં. જીજે.૦૧.બીવાય.૫૧૮૫ ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને બહેરા મૂંગા વિદ્યાલય પાસેથી પસાર થતી બાઈક નં. આર.જે.૧૨. એસએમ.૬૦૩૯ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

જેના કારણે બાઈકના ચાલક સુરેશભાઈ ખાતુજી અસારી તથા બાઈક પાછળ બેઠેલ પપ્પુભાઈ લક્ષ્મણભાઈ ડામોર હાલ બન્ને રહે. હિંમતનગર બાયપાસ રોડ પર ટોલટેક્ષ પાસેના કોમ્પલેક્ષમાં રહેતા હતા. અકસ્માતને કારણે બંનેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. જેના કારણે બંનેના મોત નિપજ્યા હતા. અકસ્માતની ઘટના અંગે મૃતક સુરેશભાઈના ભાઈ અર્જુનભાઈ અસારીએ સીમેન્ટના પાઈપ ભરીને આવતા વાહનના ચાલક વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જોકે અકસ્માત કરીને સીમેન્ટના પાઈપ ભરીને જતા વાહનનો ચાલક વાહન લઈને ભાગી ગયો હતો.

મૃતક સુરેશભાઈ અનો પપ્પુભાઈ કડીયા કામ કરતા હોવાને કારણે તેઓ હિંમતનગર આવીને રહેતા હતા. જ્યાં અકસ્માતરૂપી કાળ ભરખી જતા પરીવારજનોમાં શોકની કાલિમા પ્રસરી ગઈ હતી.






પાલનપુર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરને ૭૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે બે દિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્દઘાટન પ્રસંગે ફિલ્મ અભિનેતા અમીરખાન ઉપસ્થિત રહ્યા હતા. જેઓ જગાણા હેલિપેડથી પાલનપુર આવ્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે પાલનપુરની અગાઉની મુલાકાતને યાદ કરી હતી અને પાલનપુરવાસીઓને નમસ્તે કહ્યું હતું. પાલનપુરમાં ૧૯૪૮માં સ્થાપવામાં આવેલી વિદ્યામંદિર સંસ્થાને ૭૦ વર્ષ પૂર્ણ થતા તા. ૬ અને ૭ જાન્યુઆરીએ વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફિલ્મ અભિનેતા અમીરખાન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સવારે જગાણા ખાતે હેલીકોપ્ટર મારફતે આવી પહોંચેલા આમીરખાને મીડિયા સાથે વાતચીત કરતા તેમણે અગાઉ કરેલી પાલનપુરની મુલાકાતને યાદ કરી હતી અને પાલનપુરવાસીઓને પોતાના મનસ્ટ કહ્યા હતા. ત્યાંથી તેઓ સડક માર્ગે પાલનપુર વિદ્યામંદિરમાં પહોંચ્યા હતા. જ્યાં તેમને મુકબધીર બાળકોની મુલાકાત લીધી હતી અને તેમની સાથે સેલ્ફી પણ લીધી હતી. ત્યાંથી કનુભાઈ મહેતા હોલમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના માલિકમૂળ પાલનપુરના સંજીવ મહેતા, એચ.ડી.એફ.સી. ગ્રુપના ચેરમેન દિપક પારેખ, કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી સહીત જૈન સમાજના અગ્રણી અને વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન બાળકનું મોત નિપજતા ઉહાપોહ

બનાસકાંઠાના ડીસા ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં એક બાળકનું સારવાર દરમ્યાન મોત નિપજતા મૃતક બાળકના પરિવારજનોએ તબીબ પર સારવારમાં બેદરકારી દાખવવાના આક્ષેપો કરી લાશ લેવાનો ઈનકાર કરી દેતા ઉહાપોહ સર્જાયો હતો. છે. જોકે બનાવની જાણ થતાં પોલીસે હોસ્પિટલ પર દોડી જઈ મામલાને માંડ થાળે પાડ્યો હતો. ડીસા તાલુકાના ખેરોલા ગામના ચાર વર્ષીય બાળક સુરપાલસિંહ સોલંકીને ગત ૧૧ ડીસેમ્બરના રોજ ખેંચની તકલીફ ઉપડતા તેને ડીસાની મયુર ચિલ્ડ્રન હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.જ્યાં ચાર દિવસની સારવાર બાદ આ બાળકને રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદ ફરી આ બાળકની તબિયત લથડતા તેને સારવાર માટે ડીસા લવાયો હતો. જ્યાં બાળકની તબિયત વધુ લથડતા તેણે વધુ સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડાયો હતો.. જ્યાં બાળકની તબિયતમાં સુધારો થયા બાદ ફરી ઘરે પરત લવાયો હતો.જોકે આ બાળકની ચામડી પર ઈન્ફેકશન થયું હોઈ આ પરિવારજનો બાળકને ચામડીના તબીબ પાસે લઈ જતા તબીબે આ બાળકને દવાની આડ અસરના લીધે તકલીફ થઈ હોવાનું જણાવ્યું હતું. બાદમાં ફરી આ બાળકને સારવાર માટે મયુર ચિલ્ડ્રન હોસ્પીટલમાં લઈ જવાયો હતો.. જ્યાં સારવાર દરમ્યાન આ બાળકનું મોત નિપજતા બાળકના પરિવારજનોએ બાળકની તબિયત ગંભીર હોવા છતાં તબીબ રમેશભાઈ પટેલે તે માહિતી છુપાવતા બાળકનું મોત થયું હોવાના ગંભીર આક્ષેપો કરી બાળકના મૃતદેહને સ્વીકારવાનો ઈનકાર કરી દેતા ઉહાપોહ સર્જાયો હતો. તબીબે આ મામલે પોલીસને જાણ કરતા પોલીસ પણ હોસ્પિટલ પર દોડી જઈ મૃતક બાળકના વાલીઓને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે આ મામલે તબીબનો




સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે બાળકની હાલત ગંભીર હતી અને આ અંગે દર્દીના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. ખેંચ જેવા કિસ્સાઓમાં ઘણીવાર દવાની આડઅસર થતી હોય છે અને તેની તમામ માહિતી બાળકના પરિવારજનોને આપ્યા બાદ જ બાળકની સારવાર શરુ કરવામાં આવી હતી. તેવો દાવો કરી તબીબે પોતાનો બચાવ કરવાની કોશિશ કરી હતી.

# પોગલુ ખાતે મહિલાઓ દ્વારા શ્વાનો માટે રોટલા બનાવાયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે આવેલ વારાહી શકિતપીઠ મંદિર ખાતે પણ ઉત્તરાયણ પર્વ નિમિત્તે મંદિરના મહંત સુનીલદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ છેલ્લા પાંચ વર્ષથી મંદિર સંકુલમાં ગામની મહિલાઓ તથા ભજન મંડળની મહિલાઓ દ્વારા સમુહમાં મંદિર સંકુલમાં આવી ઈંટોના ચુલા બનાવી ગાય માતા તથા શ્વાનો માટે બાજરીના રોટલા કે લાડુ તથા ઘઉં ગોળના ટોઠા બનાવવામાં આવતા હોય છે. તો પોગલુ ગામની મહિલાઓ દ્વારા આડા દિવસોમાં તો આવા ધાર્મિક કાર્યો સહિતના કાર્યક્રમોમાં ભાગ લેતી હોય છે પણ ખાસ કરીને મકરસંક્રાંતિ પર્વ જાન્યુઆરી મહિનામાં પુણ્ય કરવાનો અને પુણ્ય કમાવાનો મહિનો હોવાથી ગામમાં રહેતી મહિલાઓ તથા ભજન મંડળની મહિલાઓ દ્વારા જાન્યુઆરી મહિનામાં ગામમાં આવેલ વર્ષો પુરાણું મંદિર શ્રી વારાહી શક્તિપીઠ મંદિર સંકુલમાં આવી મંદિરના મહંતના માર્ગદર્શન હેઠળ ઉત્તરાયણ પર્વનિમિત્તે મંદિર સંકુલમાં આવી રોટલા, લાડુ સહિતની ચીજ વસ્તુઓને બનાવી ગામમાં આવેલ શ્વાનોને તથા ગાય માતાને ખવડાવવામાં આવે છે. પશુ પંખીઓ માટે પણ અનાજ એકઠું કરી બનાવેલ ચબુતરામાં નાખવામાં આવેછે.

